# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-05-2025** **Day:** Friday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## સરહદી ગામ કુરનની પોલીસ વડાએ લીધી મુલાકાત

હાલમાં પહેલગામ હુમલાને લઇને સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. ખાસ કરીને ભારત-પાકિસ્તાનની સરહદને અડીને આવેલા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. ખાવડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા અને દેશના અંતિમ ગામ કુરનની પશ્ચિમ કચ્છના પોલીસ વડા વિકાસ સુંડાએ મુલાકાત લીધી હતી. આ વેળાએ પોલીસ વડાએ ગામનું નિરીક્ષણ કર્યું હતું અને વિવિધ માહિતી મેળવી હતી. મુલાકાત દરમિયાન ગામના લોકો સાથે પોલીસ વડાએ બેઠક કરી અને આ વિસ્તારમાં કોઇપણ અજાણ્યા વ્યક્તિ અથવા દેશવિરોધી ગતિવિધિ દેખાય તો તરત સ્થાનિક પોલીસને જાણ કરવા અપીલ કરી હતી. ગામના અગ્રણી જાલુભા સોઢા સહિતના આગેવાનોએ એસપી વિકાસ સુંડાનું સન્માન કર્યું હતું.

--------------------------------------------------------------------------------

## જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સમીક્ષ બેઠક

કચ્છ જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અમલી વિવિધ કામગીરીની સમીક્ષા બેઠક આજરોજ યોજાઇ હતી. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ન્યુટ્રીશન, રસીકરણ, શાળા આરોગ્ય તપાસણી, બિન સંક્રામક રોગોનો અટકાવ, ટી.બી. નિર્મૂલન તેમજ કુટુંબ કલ્યાણ કામગીરી, માતા અને બાળ આરોગ્ય વિષયક કામગીરીમાં ટેક્નોલોજીના ઉપયોગ આધારિત બાબતો માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડીડીઓએ તાલુકા હેલ્થ ઓફિસરોને અને ICDS ના પ્રોગ્રામ ઓફીસરને બાળકોના પોષણયુક્ત સ્વાસ્થ્ય તરફ ખાસ ધ્યાન આપવું તેમ સૂચન કર્યું હતું.

---

## શિકારપુર પોલીસ ચોકીનું ઉદઘાટન

ગુજરાત સ્થાપના દિને સામખિયાળી પોલીસ મથક હેઠળ આવતા શિકારપુર ખાતે લોકભાગીદારીથી 40 લાખના ખર્ચે તૈયાર થયેલી પોલીસચોકી તથા 20 લાખના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન ચેકપોસ્ટને ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા બોર્ડર રેન્જના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયાએ પાટીદાર નવયુવક ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ લોકભાગીદારીમાં સાથ આપનાર તમામ દાતાઓનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું કે  આ પંથકમાં વિકાસલક્ષી અનેક કાર્યો પ્રગતી પર છે, જેમાં સરકાર સાથે લોકભાગીદારી પ્રજાની સક્રિયતા દર્શાવે છે. પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારએ  જણાવ્યું કે શિકારપુર આઉટપોસ્ટ ગુનાખોરી ડામવા ઉપકારક બનશે.  .

---

## પોસ્ટ વિભાગ : જ્ઞાન પોસ્ટ સર્વિસનો આરંભ

ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા જ્ઞાન અને માહિતીના પ્રસારના ઉદ્દેશથી ગઇકાલથી `જ્ઞાન પોસ્ટ' નામની નવી મેઇલ સર્વિસનો આરંભ કર્યો છે. ડાક વિભાગ શૈક્ષણિક પુસ્તકો, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી સંબંધિત સામગ્રી અને સામાજિક તેમજ સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતાં પુસ્તકો માટે વિશેષ સુવિધા પૂરી પાડશે. આવા પુસ્તકોના પેકેટ માટે 300 ગ્રામ સુધી રૂા. 20 અને પાંચ કિલ્લો સુધી રૂા. 100 વસૂલાશે. પુસ્તકો પર ટ્રેક અને ટ્રેસની સુવિધા મળશે. પોસ્ટ ઓફિસોના કાઉન્ટર પર રિટેલ બુકિંગ થઇ શકશે. આવા તમામ પેકેટ પર `જ્ઞાન પોસ્ટ' લખેલું હોવું આવશ્યક રહેશે. ઉલ્લેખનીય છે કે `જ્ઞાન પોસ્ટ' અંતર્ગત માત્ર બિન-વાણિજ્યિક, શૈક્ષણિક સામગ્રી જ મોકલી શકાશે. આ સેવાની હેઠળ કોઈપણ વ્યવસાયિક અથવા વાણિજ્યિક પ્રકાશન, તેમજ જાહેરાતો ધરાવતા પ્રકાશનો સ્વીકારવામાં આવશે નહીં.

---

## ગાંધીધામ મહાનગરપાલિકા કચરા એકત્રિકરણ

ગાંધીધામ મહા નગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં ડોર ટુ ડોર કચરા એકત્રીકરણની કામગીરી શરૂ કરાઇ છે. ગઇકાલે નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓએ ડોર ટુ ડોરની 12 ગાડીનું પ્રસ્થાન કરાવ્યું હતું. ગ્રામીણ વિસ્તારમાં લાંબા સમયથી સફાઈ સહિતની ફરિયાદો હતી જે હવે હલ થવાની સંભાવનાઓ છે. આ સેવા શરૂ થતા કિડાણા, ગળપાદર, શિણાય, અંતરજાળ, મેઘપર બોરીચી અને મેઘપર કુંભારડી ગામમાં પણ હવેથી પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરા એકત્રીકરણની કામગીરી થશે..

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં ગરમીનું સામ્રાજ્ય યથાવત છે, હવામાન વિભાગ દ્વારા આવતીકાલથી 8 મે સુધી રાજ્યના કેટલાક જિલ્લામાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહી અનુસાર કચ્છ જિલ્લામાં કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. વરસાદની આગાહી વચ્ચે જિલ્લામાં મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાશે. ગઇકાલે જિલ્લા મથક ભુજનું મહત્તમ તાપમાન 41 ડિગ્રી નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે દિવસ દરમિયાન પ્રખર તાપનો સામનો કરતા જિલ્લાવાસીઓને રાત્રીના ભાગે વાતાવરણમાં ઠંડક પ્રસરતા રાહત અનુભવાય છે.

---------------------------------------------------------------------------------------

## માંડવી ટોપણસર તળાવ: જળચર જીવ

કાળઝાળ ગરમી અને તાપના કારણે માંડવી શહેરનું ઐતિહાસિક ટોપણસર તળાવમાં જળચર જીવોની દયનીય સ્થિતિ થઇ હતી. તળાવમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતા જળચર જીવો મૃત્યુ ન પામે તે હેતુથી માંડવી નગરપાલિકા દ્વારા જળચર જીવ બચાવ અભિયાન હાથ ધરાયું

હતું. પ્રથમ રાઉન્ડમાં તળાવમાં ચુનાનો છંટકાવ કરવામાં આવ્યો હતો અને બીજા રાઉન્ડમાં ઓક્સિજન સાથે ઠંડક મળી રહે તે માટે પોટેશિયમ પરમેગ્નેટ અને જીઓટીન પાઉડરનો છંટકાવ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાની આ કામગીરીથી તળાવમાં જળચર જીવોનું જીવન સુરક્ષિત બન્યું છે.

---------------------------------------------------------------------------------

## બ્લડ બેંક દ્વારા રક્ત એકત્ર

અદાણી સંચાલિત ગેમ્સ જી. કે. જનરલ હોસ્પિટલની બ્લડબેંક દ્વારા કાળઝાળ ગરમીમાં પણ એપ્રિલ માસ દરમ્યાન 999 યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. બ્લડબેંકના હેડ ડો. જિજ્ઞાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ 10 જેટલા કેમ્પ યોજી મોટાપાયે 811 યુનિટ અને સ્થાનિક બ્લડ બેંકમાં 188 યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. આ અંગે ડો. સુમન ખોજાએ કહ્યું હતું કે, આ રક્તનો ઉપયોગ સૌથી વધુ થેલેસેમિયાના દર્દીઓ અને ઈમરજન્સીમાં તેમજ ગાયનેક વિભાગમાં તાકીદના સંજોગોમાં કરાયો હતો.

---------------------------------------------------------------------------------